# માનસિક–શારીરિક રીતે અશકત બાળકોને આજીવન કુટુંબ પેન્શ આપવા અંગે..

ગુજરાત રાજય સરકાર, નાણાં વિભાગ
ઠરાવ ક્રમાંક : નવત–૧૨૬૯–૧૧૬૦–પી,
સચિવાલય, ગાંધીનગર તા. ૬–૧૦–૧૯૯૯

**સંદર્ભ** :–(૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : એફપીએસી–૧૦૭૧–૪,તા.૧–૭–૭૨
(૨) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : એનવીટી–૧૩૮૭–જીઓઆઈ–૧૨–પી–૧, તા.૬–૭–૮૯
(૩) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : એનવીટી–૧૩૮૭–જીઓઆઈ–૨–૫, તા.૬–૭–૮૯
(૪) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : એનવીટી–૧૩૯૫–૧૨૦–પી,તા.૨૨–૨–૯૬
(૫) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : એનવીટી–૧૩૯૫–૧૨૦–પી,તા.૨૪–૬–૯૭
(૬) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : પીજીઆર–૧૦૯૮–૭–એમ,તા.૨૦–૧–૯૮

**ઠરાવ :** આમુખમાં દર્શાવેલ નાણાં વિભાગના તા.૬–૭–૮૯ ના ઠરાવથી નિવૃત સરકારી કર્મચારી(પેન્શનરો) ના માનસિક–શારીરિક રીતે અશકત બાળકોને આજીવન કુટુંબ પેન્શનનો લાભ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવે છે. ત્યારબાદ તેમાં વખતોવખત સુધારાઓ પણ કરવામાં આવ્યા છે. હાલની જોગવાઈઓ મુજબ આવા માનસિક–શારીરિક રીતે અશકત બાળકોને કુટુંબ પેન્શનના લાભો આપવા માટે પેન્શનરના પેન્શન પેમેન્ટ ઓર્ડરમાં જે તે પેન્શન તથા તેના પતિ / પત્ની એટલે કે આવા બાળકનાં માતા–પિતા બંને મૃત્યુ પામે ત્યારબાદ, તેના બાળકને કટુંબ પેન્શનનો લાભ મેળવવામાં પારાવાર મુશ્કેલીઓ અનુભવવી પડે છે. આવા સંજોગોમાં માનસિક–શારીરિક રીતે અશકય એવાં જે બાળકોને કાયમી કુટુંબ પેન્શનનો લાભ મળવાપાત્ર છે. તેનાં નામો પેન્શ તથા તેના પતિ/પત્નિ એટલે કે બાળકના માતા પિતાની હયાતીમાં જ દાખલ થઈ જાય તો આવા બાળકને પડતી મૂશ્કેલીઓ નિવારી શકાય છે.

સરકારશ્રીએ ઉપરોકત પરિપ્રેક્ષ્યમાં, આવાં માનસિક અને શારિરીક રીતે અશકત બાળકો પ્રત્યે સહાનુભૂતિ દાખવીને કાળજીપૂર્વકની વિચારણાને અંતે હાલની પ્રવર્તમાન જોગવાઈઓમાં નીચે મુજબના વહીવટી ફેરફારો કરવાનુ ઠરાવેલ છે.

(૧) હાલમાં પેન્શન મેળવતાં પેન્શનરોનાં જે બાળકો તરીકે આજીવન કુટુંબ પેન્શન મેળવવાને પાત્ર બને છે. તેવા બાળકોનાં નામ પેન્શન ઓર્ડર (પી.પી.ઓ.)માં દાખલ ક રવા માટે સંબંધિત પેન્શનરે આ ઠરાવની સાથે સામેલ પરિશિષ્ટ–૧ માં જણાવેલ નમૂના મુજબ ત્રણ નકલમાં મેળવ્યા બાદ તેમાં દર્શાવેલ વિગતોની ચકાસણી કરીને અરજીની બે નકલ અધિકૃત કરીને તથા આ સામેલ પરિશિષ્ટ–૨ માં જણાવેલ નમૂના મુજબ જરૂરી વિગતો ભરીને પેન્શનર જે તિજોરીમાંથી

પેન્શન મેળવતા હોય તે તિજોરી કચેરીને મોકલી આપવાની રહેશે, એટલે કે પેન્શનરને અરજીને પ્રમાણિત કરીને (બે નકલોમાં) પરિશિષ્ટ–૨ મુજબની વિગતો ભરીને જે તે કચેરીએ સંબંધિત જિલ્લા તિજોરી કચેરીને આ વિગતો મોકલી આપવાની રહેશે.

તિજોરી અધિકારીએ જે તે કચેરી તરફથી મળેલ અરજીના આધારે આ અંગે સરકારશ્રી ના કરવામાં આવેલા વખતો વખત આદેશો પ્રમાણે ચકાસણ કરી, આજીવન કુટુંબ પેન્શનનો લાભ મળવાપાત્ર બાળકનું નામ દાખલ કરવા અને યથા સમયે પ્રસંગ ઉપસ્થિત થયે પેન્શનનું ચુકવણું કરવાની કાર્યવાહી કરવાની રહેશે. તેમજ તિજોરી અધિકારીશ્રીએ આવુ નામ દાખલ કર્યાની વિગતો પરિશિષ્ટ–૧ અને ૨ ની નકલ સાથે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં આજીવન કુટુંબ પેન્શન મળવાપાત્ર વ્યકિતનુ નામ દાખલ કર્યાની જાણ કરવાની રહેશે. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીએ આ અંગેની જરૂરી નોંધ પેન્શનરી પેન્શન ફાઈલ રહેશે.

હવે પછી કર્મચારીઓ નિવૃત થયા હોય અને તેઓના કુટુંબના સભ્યો પૈકી જો કોઈ બાળક માનસિક/ શારીરીક રીતે અશકય હોય અને આજીવન કુટુંબ પેન્શન નો લાભ મળવાપાત્ર હોય તો તેવા કુટુંબના તમામ સભ્યોનાં નામ સહિત હાલના પેન્શનપેપર્સના સેટમાં જન્મતારીખ અને પેન્શનર સાથેના સંબંધ સાથેની વિગતો સહિત પેન્શનપેપર્સ મોકલનાર કચેરીએ તે પ્રમાણિત કરી નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શન મંજૂરી અર્થે મોકલનાર પાત્ર સભ્યો ની વિગતો કે જેમાં આજીવન કુટુંબપેન્શન મળવાપાત્ર થતુ હોય તેવા માનસિક/ શારીરિક અશકત બાળકોના નામ સહિતની વિગતો હવે પછી મંજૂર કરવામાં આવતા પેપર્સમાં દર્શાવવાની રહેશે.

આ યોજના હેઠળનો લાભ ખાસ હુકમની મંજૂર કરવામાં આવતા પેન્શન કેસો જેવા કે, પરવશી પેન્શન, ખાનગી, ખાસ પેન્શન અથવા કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરોનાં કુટુંબના બાળકો ને મળવાપાત્ર થશે નહિ.

ઉપર પેરા (૩) માં જણાવેલ સૂચનાઓનો અમલ તા.૧–૧૦–૯૯ પછી નિવૃત થનાર કર્મચારીઓના કિસ્સમાં થાય તે જોવા તમામ વહીવટી વિભાગો/ ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રી હુકમથી અને તેમના નામે,

**સહી, શામજી પટેલ**
સંયુકત સચિવ, નાણા વિભાગ

**તા.૧–૪–૨૦૦૫ થી દાખલ કરવામાં આવતી નવી નકકી કરેલ વર્ધિત પેન્શનયોજના અંગે..**

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવ ક્રમાંક :નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી
સચિવાલય, ગાંધીનગર તા. ૧૮–૩–૨૦૦૫

કેન્દ્ર સરકારીની સેવાઓમાં નવી ભરતી થનાર ઉમેદવાર માટે વર્ધિત પેન્શન પધ્ધતિ તરીકે ઓળખાતા એક નવા માળખાને દાખલ કરવા માટે સંસદમાં અને ૨૦૦૩–૦૪ ના બજેટમાં જાહેરાત થયેલ તેના અમલ માટેના એક પગલાં તરીકે ભારત સરકારે સશસ્ત્ર દળો સિવાય પોતાના કર્મચારી ઓ માટે તા.૧–૧–૨૦૦૪ ની અસરથી એક નવી નકકી કરેલ વર્ધિત પેન્શન પધ્ધતિ દાખલ કરી છે. આ પધ્ધતિના અમલ માટે વિગતવાર નિયમો અને વિનિમયો ઘડવાની બાકી હોવાથી ભારત સરકારે તે હેતુ માટે વચગાળાની પધ્ધતિ પણ ઘડી છે.

૨.૦ ભારત સરકારની ઉકત નવી નકકી કરેલ વર્ધિત પેન્શન પધ્ધતિ હેઠળ રાજય સરકારની સેવાઓમાં જોડાનાર તથા સરકારના બોર્ડ/ કોર્પોરેશન હેઠળ નિમાનાર કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ કે જયાં હાલ પેન્શન યોજના અમલમાં છે એવી તમામ સંસ્થાની શૈક્ષણિક અને બિનશૈક્ષણિક જગ્યા પર ભરતી પામનાર કર્મચારીઓને આવરી લેવાના પ્રશ્ન છેલ્લા થોડા સમયથી સરકારની વિચારણા હેઠળ હતો.

પુખ્ત વિચારણાને અંતે, આ નવી નકકી કરેલ વર્ધિત પેન્શન પધ્ધતિ તા.૧–૪–૨૦૦૫ થી અમલી બનાવવાનું નકકી કરવામાં આવેલ હોઈ, તા.૧–૪–૨૦૦૫ ના રોજ અથવા ત્યારબાદ નવી નિમણૂંક પામનાર નીચે દર્શાવેલ કર્મચારીઓને આ નવી નકકી કરેલ વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે. :

૧. તા.૧–૪–૨૦૦૫ ના રોજ કે ત્યારબાદ નિમણૂંક પામતા તમામ સરકારી તથા પંચાયતના કર્મચારીઓ,

૨. રાજય સરકારના કર્મચારીઓ સમકક્ષ નિમણૂંક પામતા તમામ સરકારી તથા પંચાયતના કર્મચારીઓ / કોર્પોરેશનમાં નિમાનાર કર્મચારીઓ તથા પેન્શન યોજના લાગુ પડતી હોય તેવી સહાયક અનુદાન મેળવતી સંસ્થામાં તા.૧–૪–૨૦૦૫ ના રોજ કે ત્યારબાદ નિમણૂંક પામનાર તમામ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ.

૩. રાજય સરકાર ધ્વારા અમલમાં મૂકાયેલ માસિક ઉચ્ચક પગાર નીતી અન્વયે નિમણૂંક પામેલ તથા હવે પછી નિમણૂંક પામનાર કર્મચારીઓ કે જેઓ તા.૧–૪–૨૦૦૫ કે તે પછી નિયમિત પગારધોરણમાં નિમણૂંક પામે તેવા કર્મચારીઓ.

૪. રાજય સરકારના શિક્ષણ વિભાગ હેઠળની વિદ્યા સહાયક તેમજ શિક્ષણ સહાયકની યોજના હેઠળ નિમણૂંક પામેલ કે પામનાર શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ તે યોજના હેઠળ નિમાયેલ પરંતુ તા.૧–૪–૨૦૦૫ પછી નિયમિત પગાર ધોરણમાં પગાર મેળવનાર શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ.

૩.૦ વખતો વખત સુધારેલા મુંબઈ સામાન્ય ભવિષ્યનિધિ ભંડોળ નિયમો અને ઉપર ફકરા–૨ માં ઉલ્લેખ કરેલ છે તેવા નવી ભરતી થયેલા/ ભરતી થનાર કર્મચારીઓને લાગુ પડશે નહી.

૪.૦ ફકરા ૨.૦ માં ઉલ્લેખ છે તેવા નવા ભરતી થયેલા તેમ જ ભરતી થનાર કર્મચારીઓને હવે ગુજરાત મૂલકી સેવાઓ (પેન્શન) નિયમો–૨૦૦૨ હેઠળ મળવાપાત્ર નિવૃતિ લાભો મળવાપાત્ર થશે નહિ.

૫.૦ નીચે જણાવેલ નિયમો તેમ જ અન્ય સંબંધિત નિયમોમાં જરૂરી સુધારાઓની કાર્યવાહી અલગ રીતે હાથ ધરાશે :

૧. મુંબઈ સામાન્ય ભવિષ્યનિધિ ભંડોળ નિયમો

૨. ગુજરાત મૂલકી સેવાઓ ( પેન્શન) નિયમો–૨૦૦૨

૩. અન્ય જે કોઈ નિયમો/ ઠરાવોમાં જરૂરી હોય તે.

૬.૦ નવી વર્ધિત પેન્શન પધ્ધતિ માટેના ફાળાની વસુલાત કર્મચારી સેવામાં જોડાય તે મહિના પછીના મહિનાના પગારમાંથી શરૂ થશે. દા.ત. એપ્રિલ–૨૦૦૫ માસમાં નિમણૂંક પામેલ કર્મચારીના પહેલી જૂન–૨૦૦૫ ના રોજ મળનારા મે માસના પગારમાંથી પોતાનો ફાળો કપાવી પધ્ધતિમાં પોતાનો હિસ્સો આપશે.

૭.૦ આ ઠરાવમાં સમાવિષ્ટ નિર્ણયના અમલ માટે અલગ અલગ વિગતવાર હુકમો, માર્ગદર્શક સૂચનાઓ અને તે માટે અપનાવવાની હિસાબી પધ્ધતિ અંગેની સૂચનાઓ અલગથી બહાર પાડવામાં આવશે.

૮.૦ રાજય સરકારની આ નવી વર્ધિત પધ્ધતિની મુખ્ય વિશેષતાઓ, જોગવાઈઓ આ ઠરાવના પરિશિષ્ટ તરીકે જોડી છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી. પી.કે. પૂજારી**
સચિવ(આર્થિક બાબતો), નાણાં વિભાગ

# તા.૧–૪–૨૦૦૫ થી દાખલ કરવામાં આવતી નવી નકકી કરેલ વર્ધિત પેન્શનયોજના અંગે..

સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક :નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી તા. ૧૮–૩–૨૦૦૫ નુ પરિશિષ્ટ નવી નકકી કરેલ વર્ધિત પેન્શન યોજનાની મુખ્ય વિશેષતાઓ, જોગવાઈઓ :

(૧) નવી પેન્શન યોજના પૂર્વ નિશ્ચિત ફાળા પર આધારિત રહેશે.

આ યોજના હેઠળનું ફંડ કેન્દ્ર હસ્તકની પેન્શન ફંડ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ ઓથોરીટી ની માર્ગદર્શકા આધારિત રાજય સરકાર નકકી કરે તે મુજબ નિયમિત થશે.

(૨) તા.૧–૪–૨૦૦૫ થી દાખલ કરવામાં આવતી નવી નકકી કરેલ વર્ધિત પેન્શન યોજના નીચે જણાવેલ કર્મચારીઓને ફરજિયાતપણે લાગુ પડશે.

૧. તા.૧–૪–૨૦૦૫ ના રોજ કે ત્યારબાદ નિમણૂંક પામતા તમામ સરકારી/ પંચાયત કર્મચારીઓ

૨. રાજય સરકારના કર્મચારીઓ સમકક્ષ નિવૃતિ લાભો મેળવવા માટે હાલ પાત્રતા ધરાવે છે તેવા બોર્ડ કોર્પોરેશનના નિમાનાર કર્મચારીઓ તથા આવી સહાયક અનુદાન મેળવણી સંસ્થામાં તા. ૧–૪–૨૦૦૫ ના રોજ કે ત્યારબાદ નિમણૂંક પામનાર તમામ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ.

૩. રાજય સરકાર ધ્વારા અમલમાં મૂકાયેલ માસિક ઉચ્ચક પગાર નીતિ અન્વયે નિમણૂંક પામેલ તથા હવે પછી નિમણૂંક પામનાર કર્મચારીઓ કે જેઓ તા.૧–૪–૨૦૦૫ કે તે પછી નિયમિત પગારધોરણમાં નિમણૂંક પામે તેવા કર્મચારીઓ.

૪. રાજય સરકારના શિક્ષણ વિભાગ હેઠળની વિદ્યા સહાયક તેમજ શિક્ષણ સહાયકની યોજના હેઠળ નિમણૂંક પામેલ કે પામનાર શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ તે યોજના હેઠળ નિમાયેલ પરંતુ તા.૧–૪–૨૦૦૫ પછી નિયમિત પગાર ધોરણમાં પગાર મેળવનાર શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ.

(૩) કર્મચારી/ અધિકારીને ચુકવાતા મૂળ પગાર અને મોંઘવારી – ભથ્થાની ૧૦ ટકા રકમ ફરજિયાત માસિક ફાળા તરીકે ભરવાની રહેશે અને તેટલી જ રકમનો માસિક ફાળો રાજય સરકાર અથવા સંબંધિત સંસ્થા ધ્વારા ભરવામાં આવશે.

(૪) નવી પેન્શન યોજના નિયત ફાળા પર આધારિત છે અને તેના બે સ્તર હશે. સ્તર–૧ અને સ્તર–૨ તા.૧–૪–૨૦૦૫ ના રોજ અથવા ત્યારબાદ નિમણૂક પામતા ઉપર ક્રમ(૨)

માં જણાવેલ કર્મચારીઓ માટે સ્તર–૧ માં ફાળો આપવો ફરજિયાત છે. જયારે સ્તર–ર માં વૈકલ્પિક અને કર્મચારીઓના સ્વવિવેક પર આધારીત છે.

(૫) સ્તર–૧ નો ફાળો અને રોકાણવળતર ન ઉપાડી શકાય તેવા પેન્શન સ્તર–૧ ખાતામાં જમા કરવામાં આવશે. સ્તર–ર નો ફાળો એક અલગ ખાતામાં રાખવામાં આવશે. જે કર્મચારી ઈચ્છે તો ઉપાડી શકે તેવુ ખાતુ હશે. સ્તર–ર ના ખાતામાં ફેરફાર સરકાર કંઈ પણ ફાળો આપશે નહિ.

(૬) ઉપરોકત પેન્શન ખાતું ઉપરાંત દરેક વ્યકિત સ્વેચ્છાએ ઉપાડી શકાય તેવું સ્વૈચ્છિક સ્તર–ર ખાતુ ખોલાવી શકશે. તા.૧–૪–ર૦૦૫ કે તે પછી નવા ભરતી થનારા કર્મચારીઓ માટે સામાન્ય ભવિષ્યનિધિની યોજના પાછી ખેંચી લેવામાં આવતી હોવાથી આ બીજો વિકલ્પ આપવામાં આવ્યા છે. આ સ્વૈચ્છિક સ્તર–ર ની અસ્કયામતોની વ્યવસ્થા ક્રમ–૧ માં જણાવેલ પધ્ધતિ પ્રમાણે જ કરવામાં આવશે. તેમ છતાં તે પોતાના બીજા સ્તરના નાણાં સંપૂર્ણ કે આંશિક રીતે ગમે ત્યારે ઉપાડવા માટે સ્વતંત્ર રહેશે. આ સ્વૈચ્છિક સ્તર–ર ના ખાતામાંથી રકમ ઉપાડવાના કારણે પેન્શનરોકાણ ઘટતુ નથી અને તેને કર સંબંધી કોઈ છૂટછાટ મળશે નહી.

(૭) સ્તર–૧ માં કર્મચારીએ પોતાના મૂળ પગાર તથા મોંઘવારી– ભથ્થાની કુલ રકમના ૧૦ ટકા જેટલો ફાળો આપવાનો રહેશે. જે સંબંધિત ઉપાડ અધિકારીશ્રી ધ્વારા તેના પગારબિલમાંથી દર મહિને કાપી લેવામાં આવશે, તેની સામે સરકાર અથવા સંબંધિત સંસ્થા પણ તેટલી જ રકમ જમા કરાવશે.

(૮) પેન્શન પધ્ધતિ સ્તર–૧ માંથી વ્યકિત વય નિવૃતિ– ઉંમરે પહોંચે ત્યારે કે ત્યાર પછી નીકળી શકે છે.

આ પધ્ધતિ છોડતી વખતે કર્મચારીએ તેની પેન્શન સંપતિની ૪૦ ટકા રકમનું (ઈન્સ્યુરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ધ્વારા વિનિયમિત જીવન સુરક્ષા કંપની પાસેથી) રોકાણ કરવું ફરજિયાત છે.

આ વાર્ષિક, નિવૃત કર્મચારીને તેના શેષ જીવનમાં તેનાં આશ્રિત માતા–પિતા અને તેના જીવનસાથી ને આજીવન પેન્શન પુરુ પાડશે.

કર્મચારીની બાકીની પેન્શન સંપતિ એકસાથે મળશે, જેનો ઉપયોગ સ્વમરજી મુજબ કરવા તે સ્વતંત્ર રહેશે.

કર્મચારી વયનિવૃતિ થતાં પહેલાં પણ પેન્શન પધ્ધતિ છોડી શકશે, પરંતુ આવા કિસ્સામાં, પેન્શન સંપતિમાંથી ૮૦ ટકા રકમનુ ંરોકાણ વાર્ષિક માં કરવાનુ ફરજિયાત રહેશે.

(૯) સ્તર–ર પધ્ધતિ હમણાં ચાલુ કરવામાં આવશે નહી.

(૧૦) તા.૧–૪–ર૦૦પ ના રોજ કે ત્યારબાદ ઉપરોકત ક્રમ–ર માં જણાવેલ કર્મચારીને હાલની પેન્શન યોજનાનો લાભ અને મુંબઈ સામાન્ય ભવિષ્યનિધિની ભંડોળ નિયમો પ્રવર્તમાન જોગવાઈઓનો લાભ મળશે નહી.

(૧૧) યોજનાના અમલ માટે એક મધ્યસ્થ રેકોર્ડ જાળવતી એજન્સી હશે અને ક્રમ–ર માં જણાવેલ સરકારી કર્મચારીઓને ત્રણ પ્રકારની યોજનાઓ જેવી કે, બાંધી આવકના સાધનો અને ઈકિવટીમાં રોકાણ પ્રમાણ પર આધારિત વિકલ્પ–ક, ખ અને ગ આપવા માટે પેન્શન ફંડ મેનેજરો હશે. એક સ્વાયત પેન્શન નિધિ વિનિમયન અને વિકાસસતાતંત્ર (પી.એફ.આર.ડી.એ.) પેન્શનના બજારનું વિનિયમન અને વિકાસ કરશે.

(વિકલ્પ–ક માં ફંડ જમા રકમનો મોટો હિસ્સો ફિકસ ઈન્કમ ઈન્સ્ટુમેન્ટમાં તથા થોડો હિસ્સો ઈકિવટીમાં જમા કરવામાં આવશે. વિકલ્પ–ખ માં મોટો હિસ્સો ઈકિવટી રોકાણમાં અને વિકલ્પ–ગ માં ફિકસ ઈન્કમ તથા ઈકિવટીમાં સરખા હિસ્સે રોકાણ કરશે.)

(૧ર) આવી વૈદ્યાનિક પી.એફ.આર.ડી.એ. સંપૂર્ણપણે કાર્યરત થાય ત્યાં સુધી આ નાણાંની વ્યવસ્થા, હિસાબ વગેરેની કાર્યવાહી વચગાળાની વ્યવસ્થા તરીકે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ ધ્વારા કરવામાં આવશે.

(૧૩) કાયમી કેન્દ્રસ્થ રેકોર્ડ જાળવતી એજન્સી અને પેન્શનફંડ મેનેજરોની નિમણૂક થાય અને દરેક વ્યકિતગત ખાતાં હેઠળ સંચિત જમા રકમ તેમને તબદીલ કરવામાં આવે ત્યાં સુધી એવુ નકકી કરવામાં આવ્યું છે કે ક્રમ–ર માં જણાવેલ કર્મચારીએ આપેલ ફાળાની આવી રકમ અને સરકારે અથવા સંસ્થાએ જમા કરાવવાની તેટલી જ રકમ રાજય સરકારના જાહેર ખાતામાં રાખવામાં આવશે. આ વ્યવસ્થા સરકારે જાહેર કર્યા મુજબ માત્ર કામચલાઉ ધોરણે જ રહેશે.

આ જમા થયેલ રકમ ઉપર ૮ ટકા વાર્ષિક વ્યાજ અથવા યથાસમયે નિશ્ચિત થાય તે મુજબનું વ્યાજ આપવામાં આવશે.

(૧૪) ક્રમ–(ર) માં જણાવેલ કર્મચારી સ્તર–૧ ની યોજનામાંથી વય નિવૃતિ ઉંમરે પહોંચે ત્યારે અથવા ત્યારબાદ નીકળી જઈ શકે છે. નીકળતી વખતે તેણે પેન્શન સંપતિની ૪૦ ટકા

રકમની એક વાર્ષિક (આઈ.આર.ડી.એ. ધ્વારા વિનિયમિત જીવન વીમા કંપનીમાંથી) ખરીદવી ફરજિયાત છે. જે કર્મચારી અને તેનાં આશ્રિત માતા–પિતા/ જીવનસાથીને આજીવન પેન્શન પુરુ પાડશે. નિવૃત–વય નિવૃતિ વયે પહોંચતા પહેલાં આ યોજનામાંથી નીકળી જતા ક્રમ–(૨) માં જણાવેલ કર્મચારીઓના કિસ્સામાં ફરજિયાત વાર્ષિકીની રકમ પેન્શન સંપતિના ૮૦ ટકા રહેશે.

(૧૫) કાયમી કેન્દ્રીય રેકર્ડ જાળવણી એજન્સી તથા પેન્શન મેનેજરની નિમણુક થયેથી એકત્રિત થયેલ રકમ ફંડ મેનેજરને તબદીલ કરવામાં આવશે. આમ છતાં, નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ કાયમી સ્વરૂપે કર્મચારીના તથા રાજય સરકાર અથવા સંસ્થાના ફાળા અંગેની તેમજ ફંડ મેનેજરોને તબદીલ કરાતા ફંડની વિગતોના રેકર્ડની જાળવણીની તથા મધ્યસ્થ રેકર્ડ જાળવણી એજન્સી સાથે સંકલનની કામગીરી બજાવશે.

(૧૬) પત્રક–અ માં દર્શાવેલ બાબતો અંગેની સૂચનાઓ હવે પછીથી બહાર પાડવામાં આવશે.

**સહી, પી.કે. પૂજારી**
સચિવ (આર્થિક બાબતો) નાણાં વિભાગ.

.....................................................................................

**પેન્શન પ્રક્રિયા**

**શાળાના વડાએ નિવૃતિ તારીખના બે વર્ષ અગાઉ કર્મચારીને બોલાવી અરજી ફોર્મ ભરાવવું, કર્મચારીએ નીચેની માહિતી/ આધારો આપવા :**

(૧) એનેક્ષર ભાગ ૧ અને ૨ ની માહિતી

(૨) સંયુકત ફોટોગ્રાફ–૩ નકલ

(૩) સહીના નમુના/ અંગૂઠાના નિશાન–૩ નકલ

(૪) ઉંચાઈ અને ઓળખની સ્લીપ–બે નકલ

(૫) કુટુંબપેન્શનની અરજી – એનેક્ષર ૩ ના નમૂનામાં

(૬) પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ નકલ – ૨.

(૭) પેન્શન વાલીને ચૂકવવું હોય તો વાલીની સહીના નમૂના – ૩ નકલ

(૮) ડીસી અરજીની અરજી : એનેક્ષર–૪ માં

(૯) કુટુંબપેન્શન માટે સહીના નમૂના/ અંગૂઠાનુ નિશાન

(૧૦) કુટુંબ પેન્શન સંબંધમાં ડેથ સર્ટિફીકેટની નકલ.

(૧૧) જરૂર પડતાં સહી, શાખા કરી આપવા, જરૂરી વિકલ્પ અને બાંહેધરીઓ આપવી.

**નોંધ :– પેન્શન પેપરસેટમાં ઉપરોક્ત વિગતોનો સમાવેશ થઈ જાય છે.**

(૧) નોકરીની તેમ જ પેન્શનપાત્ર નોકરીની વિગતની નોંધ કરવી.

(૨) પેન્શન કુટુંબપેન્શન ડીસીઅરજીની ગણતરી.

**નોંધ : હાલમાં પેન્શનઓથોરિટી ગણતરી.**

(૩) જરૂરી પ્રમાનપત્રો દા.ત. નો ડયુ સર્ટિ. નો ઈવંટ સર્ટિ. ખાતાકીય તપાસનુ પ્રમાણપત્ર, બાહેધરી પ્રમાણપત્ર, અનુદાન લેતી સરકાર માન્ય શાળા હોવાનુ પ્રમાણપત્ર, નિયત રેશિયોમાં નિમણૂક અને પગાર અનુદાનમાંથી ચૂકવવાનું પ્રમાણપત્ર વગેરે પૂરા પાડવાં.

**નોંધ : મોટાભાગના પ્રમાણપત્રો પેન્શન પેપરસેટમાં છાપેલાં હોય છે.**

(૪) નીચેના દસ્તાવેજો જોડવા :

સેવામાંથી, પેન્શનવિકલ્પ, સીપીએફ ફાળાનુ પત્રક અને ફાળો જમા કરાવ્યાનુ ચલન, લાગુ પડે ત્યાં બ્રેક કોન્ડોનના હુકમો, સ્વૈચ્છિક નિવૃતિનો કેસ હોય તો તેની મંજૂરી અને નિર્વત કર્યાનો આધાર, બીજા જરૂરી આધારો. તો તેની મંજૂરી અને નિવૃત કર્યાનો આધાર. બીજા જરૂરી આધારો. શાળા એ પેન્શનપેપર્સ જિલ્લાશિક્ષણાધિકારી કચેરીને મોકલવાં. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી નીચે મુજબ કાર્યવાહી કરશે :

(૧) તા.૧–૬–૯૩ ના ચેકલીસ્ટ મુજબ ચકાસણી કરવી.

(૨) શાળાએ કરેલી ગણતરીની ચકાસણી કરશે.

**નોંધ : હવે ગણતરી પેન્શનઓથોરિટી કરે છે.**

(૩) જોડાણ(૧) અને (૨) ની વિગતો પ્રમાણિત કરશે.

(૪) સહીના નમૂના/ અંગૂઠાના નિશાન પ્રમાણિત કરશે.

(૫) નોમિનેશનની ખરાઈ કરશે અને તેપ્રમાણિત કરશે.

(૬) પેશગી સંબંધી પ્રમાણપત્ર સામેલ કરશે.

(૭) પેન્શન સમાંતર માગ્યું હોય તો અરજી સામેલ કરાવશે.

(૮) કામચલાઉ પેન્શન/ ગ્રેજયુઈટી મંજૂર કર્યા હોય તો તેની નકલો જોડાશે.

(૯) નોમિનેશન પત્રકો સામેલ કરાવશે.

(૧૦) સ્વૈચ્છિક નિવૃતિનો કેસ હોય તો – નોકરીની ખરાઈ નુ પ્રમાણપત્ર, નાણાં વિભાગના તા. ૨૬–૮–૯૧ ના ઠરાવ મુજબનુ પ્રમાણપત્ર, નિવૃતિની મંજૂરી અને હુકમની નકલની ચકાસણી, કાલ્પનિક સેવા/ ઈજાફાની ચકાસણી તેમ જ અન્ય પૂર્તિ કરશે.

(૧૧) મૃત્યુના કિસ્સામાં મૃત્યુ અંગેની નોંધ અને ડુથ સર્ટિફીકેટ જોડેલ છે કે કેમ તે તપાસશે.

(૧૨) શાળાએ આપેલાં પ્રમાણપત્રો પ્રમાણિત કરશે.

(૧૩) રજાહિસાબ પ્રમાણિત કરશે.

(૧૪) પગારબાંધણી બાકી હોય તો પૂર્તતા કરાવશે.

(૧૫) સેવાપોથી ચકાસણી સાથે જોડાણ, અને તેમાં જરૂરી પ્રમાણપત્રો આપશે. આ કાર્યવાહી બાદ જિલ્લા શિક્ષણાધિકારી પેન્શનપેપર્સ પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ નિયામક અને મોકલશે. આચાર્યના કિસ્સામાં પેન્શનપેપર્સ કમિશનરની કચેરી મારફત મોકલશે.

**પેન્શનનિયામકશ્રી નીચે મુજબ કાર્યવાહી કરશે. :**

(૧) પેન્શનપેપર્સની ચકાસણી કરશે, પેન્શનપાત્ર નોકરીની મુદત, પેન્શનપાત્ર રકમ અને કઈ તારીખ તે મળવાપાત્ર બને છે તેની પેન્શનપેપર્સમાં નોંધ કરશે.

(૨) પેન્શન ચુકવણી હુકમ તૈયાર કરશે. સંબંધિતને તેની નકલ મોકલશે.

(૩) પેન્શનપેપર્સ ખોટાં/ અધૂરાં હોય તો સુધારા/ ખુલાસા માટે પરત મોકલશે.

(૪) જે નોકરી અંગેનો દાવો સ્વીકાર્યો ન હોય તેની/ કોઈ બાબત નામંજૂર કરી હોય તેની પેપર્સ ઉપર નોંધ કરશે. પેન્શન નિયામક પેન્શનચૂકવણીના હુકમની એક નકલ જિલ્લાતિજોરી ને મોકલશે, જિલ્લા કચેરી તાબાની કચેરીને મોકલશે. જિલ્લા કચેરી/ તાબાની કચેરી **ઓથોરીટી ઓફ પેમેન્ટ** છે.

**ઓથોરીટી ઓફ પેમેન્ટ નીચેની કાર્યવાહી કરશે :**

(૧) પેન્શનરને આપવા જોગ પીપીઓની નકલ પેન્શનને પહોંચાડશે.

(૨) પેન્શન મંજૂર કર્યાના હુકમની નકલ માંગશે.

(૩) પીપીઓ ઉપરની સહી/ અંગૂઠાનના નિશાન સાથે પેન્શનરની સહી/ અંગૂઠાનુ નિશાન મેળવી ચકાસણી કરશે.

(૪) રજિસ્ટરમાં તેમ જ પીપીઓમાં જરૂરી નોંધ કરશે.

(૫) બિલ/ ચેક ચૂકવણું કરવા બેંક ખાતા નંબરની માહિતી મેળવશે, તેની પીપીઓમાં નોંધ કરશે અને પેન્શનની રકમ બેંક મારફત ચૂકવશે.

(૬) પેન્શનરને દર વર્ષ હયાતીની ખરાઈ કરાવવાની રહેશે, હયાતી સુધી પેન્શનરનેપેન્શન મળતુ રહેશે.

........................................................................................

## "સ્વૈચ્છિક નિવૃતીની પાત્રતા ધરાવે છે" તેવુ પ્રમાણપત્ર આપતા પહેલાં જે – તે કેસમાં આપવાની માહિતીનુ પત્રક

| અ.નં. | વિગત | ચકાસણી કરેલ તેની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |

૧. કર્મચારીનુ નામ :

૨. શાળાનુ નામ :

૩. જન્મ તારીખ :

૪. નોકરીમાં દાખલ તારીખ :

૫. પેન્શન વિકલ્પ તારીખ :

૬. સ્વૈચ્છિક નિવૃતિ માંગ્યા તારીખ :

૭. કુલ નોકરીનો સમય :

૮. કુલ નોકરીમાંથી બાદ કરવાનો સમય :

(અ) તાલીમનો સમય

(બ) બ્રેકનો સમય

(ક) ૩૬ માસ કરતાં વધુ બિનપગાર રજા

(ડ) પાર્ટટાઈમ નોકરી

(ઈ) તા.૧–૫–૬૦ પછીની મુંબઈ

રાજયની નોકરી કુલ...............

૯. ચોખ્ખી પેન્શનપાત્ર નોકરી

૧૦. બીજી સર્વિસ છે ?

(અ) સંસ્થાનુ નામ

(બ) દાખલ તારીખ

૧૧. ૨૦ વર્ષથી વધુ અને ૨૫ વર્ષથી ઓછી નોકરી થાય છે ?

૧૨. ૨૫ વર્ષથી વધારે નોકરી થાય છે ?

(અ) અસલ ચલન છે ?

(બ) સી.પી.એફ. પત્રક છે ?

(ક) સંસ્થા ફાળો તિજોરીમાં જમા કરાવ્યાની તારીખ ?

(ડ) ૦૬૬ સદરે જમા થઈ છે ?

૧૪. માન્ય શાળાની નોકરીનું પ્રમાણપત્ર

૧૫. રેશિયા પ્રમાણેના શિક્ષક હતા તેનુ પ્રમાણપત્ર.

૧૬. ૩૬ માસ કરતાં વધારે બિનપગારી રજાઓ ભોગવી નથી તેવુ પ્રમાણપત્ર.

૧૭. સરકારી અનુદાનમાંથી પગાર ચૂકવ્યો છે તેવુ પ્રમાણપત્ર છે. ?

૧૮. રક્ષિત શિક્ષક હોય તો તેનુ પ્રમાણપત્ર છે ?

૧૯. કર્મચારીની (અ) અરજીની તારીખ

(બ) સ્વૈચ્છિક નિવૃતિની તારીખ

(ક) ત્રણ માસની નોટિસનો સમય પૂરો થયો છે ?

૨૦. નોકરીનો વૃતાંત મોકલી આપેલ છે ?

૨૧. અસલ સેવાપોથી મોકલી આપેલ છે ?

૨૨. સેવાપોથીની ચકાસણી કરતાં બધુ બરાબર જણાય છે ?

૨૩. જુનિયર આસિસ્ટન્ટ એકઝામિનર ધ્વારા પગાર ફિકશેસન થયેલ છે ?

૨૪. પ્રાથમિક શાળની નોકરીમાં પી.એફ. માં જોડાયાની તારીખ .......

**આચાર્ય** **કર્મચારીની સહી**

ઉપરોકત હકીકતે શ્રી...............ની ૨૦ વર્ષથી વધુ અથવા ૨૫ વર્ષથી વધુ ચોખ્ખી પેન્શનપાત્ર નોકરી થતી હોવાથી તેમની માંગણી પ્રમાણે તારીખ................... થી અથવા તે તારીખ પછી સ્વૈચ્છિક નિવૃતિના પેન્શન ઉપર ઉતરવાની તેઓ પાત્રતા ધરાવે છે તેવુ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**ઓડિટર** **અધિક્ષક** **હિસાબી અધિકારી**

# સ્વૈચ્છિક નિવૃતિ

(૧) ૨૫ વર્ષની નોકરી પછી :

નાણાં વિભાગના ઉપરોકત તા. ૮–૧૦–૭૦ ના ઠરાવ મુજબ ૨૫ વર્ષ કે તેથી વધુ પેન્શનપાત્ર નોકરી પૂરી કર્યા પછી ઓછામાં ઓછા ૩ મહિનાની નોટિસ આપીને પરવાનગી મળ્યા પછી સ્વૈચ્છિક નિવૃતિ લઈ શકાય. આ જોગવાઈ મુજબ પેન્શનપાત્ર નોકરીમાં ૫ વર્ષનો ઉમેરો કરી આપવામાં આવે છે. આ ઉમેરો નિયમ મુજબની કુલ ૩૩ વર્ષની પેન્શનપાત્ર નોકરી તેમજ કર્મચારી વયમર્યાદામાંથી નિવૃત થયો હોય તેના કરતાં વધવો જોઈએ નહિ. બીજી રીતે જોઈએ તો નીચે પ્રમાણેની ગણતરીમાં જે વહેલુ આવે ત્યાં સુધીની કાલ્પનિક નોકરી ઉમેરવી.

(૧) ૫૮ વર્ષની પુરી વય (૨) ૩૩ વર્ષની પૂરી નોકરી (૩) નિવૃતિમાં ૫ વર્ષનો ઉમેરો.

ઉપર પ્રમાણેનો કાલ્પનિક નોકરીમાં ઉમેરો કરતાં કાલ્પનીક ઈજાફો ઉમેરીને પેન્શનપાત્ર ગણવાનો રહે. આ કાલ્પનિક વધારાની નોકરીમાં જો લાયકી આડ ઓળંગવાનુ આવે તો આવે પ્રસંગે નાણાં વિભાગ ના ઠરાવ નં. એનવીએન–૧૦૭૧–૨૬૯૯–જે, તા.૨૬–૮–૭૧ મુજબ પ્રમાણિત કરવું કે, જો કર્મચારી નોકરીમાં ચાલુ રહેતો હોય તો ઈજાફો કર્મચારીને આપવામાં આવત અને લાયકી આડ ઓળંગવા દેવામાં આવત.

**(૧) ૨૦ વર્ષની નોકરી પછી :**

નાણાં વિભાગના તા.૩–૨–૭૮ ના ઠરાવ મુજબ ૨૦ વર્ષ કે તેથી વધુ પેન્શનપાત્ર નોકરી પૂરી કર્યા પછી ઓછામાં ઓછા ૩ મહિનાની નોટિસ આપીને પરવાનગી મળ્યા પછી સ્વૈચ્છિક નિવૃતિ લઈ શકાય. આ જોગવાઈ મુજબ પેન્શનપાત્ર નોકરીમાં ૫ વર્ષનો ઉમેરો કરવામાં આવે છે. આ ઉમેરો કુલ પેન્શનપાત્ર નોકરી ૩૦ વર્ષ કરતાં વધે નહિ તેમજ મરજિયાત નિવૃતિ માટે મુંબઈ રાજય સેવા નિયમોના નિયમ ૨૬૧ માં જે ઓછામાં ઓછી વય બતાવી છે તે વયે જે નોકરી થઈ હોય તેના કરતાં વધવી જોઈએ નહી. બીજી રીતે જઈએ તો નીચે પ્રમાણેની ગણતરીમાં જે વહેલું આવે ત્યાં સુધી કાલ્પનિક નોકરી ઉમેરવી.

(૧) ૫૫ વર્ષની પૂરી વય (૨) ૩૦ વર્ષની પૂરી નોકરી (૩) નિવૃતિમાં ૫ વર્ષનો ઉમેરો.

આ ઉમેરા પ્રમાણે કાલ્પનિક ઈજાફા ગણીને પેન્શનપાત્ર ગણીને પેન્શનપાત્ર પગાર ગણવા ને તે મુજબ ગ્રેજયુઈટીની રકમ ગણવા પણ ધ્યાનમાં લેવું.

સ્વૈચ્છિક નિવૃતિ લેનાર કર્મચારીઓને નિર્વતિ વખતે તેમની પ્રાપ્ત રજાના હિસાબમાં લેણી રહેતી વધુમાં વધુ ૩૦૦ દિવસની મર્યાદા પગાર રોકડમાં મળી શકે છે. (સંદર્ભ : શિક્ષણ વિભાગ ઠરાવ : ઉમેરો એસએસએન–૩૪૭૬ – ૧૬૬૨૫,તા.૨૧–૭–૭૭)

નિવૃતિ સમયે રજાઓનુ રોકડમાં રૂપાંતર

(૧) શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કેટેગરીના કર્મચારીઓને મળવાપાત્ર છે.

(૨) જમા અર્ધપગારી રજાની અર્ધી રજાઓ અને જમા પ્રાપ્ત રજાઓ બંને મળી વધુમાં વધુ ૩૦૦ દિવસની રૂપાંતર મળવાપાત્ર છે.

(૩) બિનશૈક્ષણિક કર્મચારીઓને અર્ધપગારી રજાના રોકડા રૂપાંતર નો લાભ મળવાપાત્ર નથી. પ્રાપ્ત રજા ના રોકડ રૂપાંતરનો લાભ મળવાપાત્ર છે.

(૪) વેકેશન ડિપાર્ટમેન્ટમાંથી નોનવેકેશન ડિપાર્ટમેન્ટમાંથી નિયુકિત મેળવનાર આચાર્યને વેકેશન ડિપાર્ટમેન્ટમાં હોય તે સમયની જમા અર્ધપગારી રજાના અર્ધા ભાગની રજાઓ તથા બધી જ જમા પ્રાપ્ત રજાઓનું ૩૦૦ દિવસની મર્યાદામાં રૂપાંતર મળવાપાત્ર છે.

(૫) રાજીનામાના કિસ્સામાં પ્રાપ્ત રજા તથા અર્ધપગારી રજા અર્ધા ભાગ કુલ રજાઓનુ પચાસ ટકા વધુમાં વધુ ૧૫૦ દિવસોનુ રૂપાંતર મળવાપાત્ર છે.

વયનિવૃતિ : પુનઃ નિયુકિતની મુદત બાદ, સ્વૈચ્છિક નિવૃતિ, અપરિપકવ નિવૃતિ, સેવાનો અંત, ચાલુ સેવા દરમિયાન અવસાન, અશકયતા પેન્શનના કિસ્સાઓ/ ઘટનાઓ આ લાભ મળવાપાત્ર છે. (નાણાં વિભાગના ઠરાવઃ એલવીઈ–૧૦૯૦ (ડી–૩૦)–૫–તા.૨૬–૩–૯૧.